# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ


પરિપત્ર નં.૧૧૩ તા.૦૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ

**વિષય :- સશસ્ત્ર સેના ધ્વજ દિન-૨૦૨૧ : ૭ ડિસેમ્બરના રોજ ધ્વજદિનની ઉજવણી નિમિત્તે જવાનોના કલ્યાણ અર્થે ભંડોળ એકત્રિત કરવા અપીલ અને લક્ષ્યાંક બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : જસકઅ/૨૩૨/રચન/ધદન-૧/૨૦૨૧ તા.૨૦-૧૧-૨૦૨૧નો પત્ર**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવા તેમજ યુધ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનાઓમાંથી છૂટા કરાયેલા સૈનિકોના પુનર્વસવાટ માટે તેમજ સશસ્ત્ર સેનાઓને યુવાન રાખવાની રાષ્ટ્રની નીતિના ફળસ્વરૂપે તમામ નાગરિક સેવાઓની સરખામણીમાં ઘણી નાની ઉંમરમાં સશસ્ત્ર સેનાઓમાંથી છૂટા કરવામાં આવતા સૈનિકો અને તેઓના પરિવારજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે **સશસ્ત્ર સેના ધ્વજદિન** ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે.આ ભંડોળ એકત્રિત કરવાના ઔપચારિક કાર્યક્રમનો આરંભ પ્રતિ વર્ષ **૭મી ડિસેમ્બર**ના રોજ કરવામાં આવે છે.

પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને સાર્વભૌમક્તાનું રક્ષણ કરનાર દેશના આ સિપાહીઓ યુધ્ધ સિવાય કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કુદરતી પ્રકોપ,માનવસર્જિત અકસ્માત કે આપદાઓમાં પણ નાગરિકની સહાયતા માટે ખડે પગે રહી સમાજ અને દેશની અમૂલ્ય સેવા બજાવવા અગ્રેસર રહે છે.દેશની રક્ષા કરવા સતત તૈનાત રહેતા આપણા સૈનિકો પ્રત્યે ઋણ અદા કરવાની આપણી અને સમાજની મોટી જવાબદારી થાય છે.

ધ્વજદિન પ્રસંગે આપણા સૈનિકો પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણીની અભિવ્યક્તિ કરી તેઓના મનોબળને દૃઢ કરવાના આ અવસરે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથા-યોગ્ય ફાળો એકત્રિત કરવામાં આવે છે.

આ દિવસનું મહત્વ બાળકો સમજે તથા ફાળો એકત્રિત કરવામાં સહર્ષ જોડાય તે માટે શાળામાં પ્રાર્થના સમયે તેમને દેશની રક્ષા કાજ પ્રાણ ન્યોચ્છાવર કરનાર સૈનિકોની વાત કરવી તથા દરેક બાળક ઉદાર હાથે ફાળો આપે તે માટે પ્રોત્સાહિત કરવા,તેમજ **દરેક શિક્ષકે પણ પોતાનો ફાળો ઉદાર હાથે નોંધાવવો.**

એકત્રિત થયેલ ફાળો તા.૨૦-૧૨-૨૦૨૧ સુધીમાં જે-તે ઝોનમાં જમા કરાવવો અને ઝોન પર એકત્ર કરેલ ફાળાની એકંદરી બનાવી તા.૨૪-૧૨-૨૦૨૧ના રોજ ચીલનથી જમા કરાવવો.

તા.૦૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી